॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥




ધ ટાઈમ્સ ઓફ

# કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૪ તા.૧૫-૦૩-૨૦૨૬ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક

**તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ**

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


- **સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની આગામી કારોબારી મીટીંગ તા. ૫-૪-૨૦૨૬ ના રોજ યોજાનાર છે.**
- **સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ - સમાજની બહેનોને "વુમન્સ-ડે"ની શુભેચ્છા પાઠવે છે.**
- **વડોદરા - ગુજરાતી કંસારા જ્ઞાતિ તથા મહિલા મંડળ દ્વારા હોલી રસિયા સંપન્ન.**
- **વિસનગર જ્ઞાતિ દ્વારા મહાકાળી માતાજીના ૪૨ મા પાટોત્સવની ની ઉજવણી.**
- **અમદાવાદ - ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ દ્વારા "બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૬" સંપન્ન.**

# શુભેચ્છા...

## ગૌ.વા. નવનીતરાય ફૂલચંદભાઈ ગોરડીયા તથા ગૌ.વા. વિનોદરાય હરગોવિંદદાસ માવાણીનું ગૌરવ



પ્રભુ શ્રી ગોપાલલાલ ની અસીમ કૃપા થી સિહોરના વતની હાલ ભાવનગર નિવાસી નયનાબેન તથા મનોજભાઈ ગોરડીયાની સુપુત્રી **ચિ. પ્રિયા**એ શારદા કોલેજ ઓફ ફિઝીયોથેરાપી ગાંધીનગર ખાતે ફિઝિયોથેરાપીની માસ્ટર **(M.P.T. Ortho)** ની પદવી પ્રાપ્ત કરેલ છે અને હાલ એલ. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપીમાં ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે.

**ડૉ. પ્રિયાબહેન આ જ રીતે જીવનમાં સફળતા મેળવે પ્રગતિનાં શિખરો સર કરતા રહે તેવા અંતરથી આશિષ...**

**શુભેચ્છક :**

- ગૌ.વા. નવનીતરાય ફૂલચંદભાઈ ગોરડીયા-સિહોર (દાદા)
- ગૌ.વા. જ્યોતિબાળા નવનીતરાય ગોરડીયા (દાદી)
- ગૌ.વા. વિનોદરાય હરગોવિંદદાસ માવાણી (નાના)
- ગૌ.વા. પ્રવિણાબેન વિનોદરાય માવાણી (નાની)
- કં.વૈ. મનોજભાઈ - નયનાબેન (પિતા-૯૪૨૮૫૯૧૮૦૩-માતા)
- કં.વૈ. સુભાષભાઈ - સ્મિતાબેન (કાકા-કાકી)
- કં.વૈ. ઉજ્જવલભાઈ - રશ્મિબેન (કાકા-કાકી)
- કં.વૈ. ધિમંતભાઈ - પૂર્વીબેન (મામા-મામી)
- ગો.વા. પ્રવિણભાઈ - ગં.સ્વ. રેખાબેન (બાપુજી-ભાભુ)
- કં.વૈ. કિશોરભાઈ- સરયૂબેન (બાપુજી-૯૪૨૬૯૬૦૦૦૪-ભાભુ)
- ભાઈ : યશ, ઈશાન, કાર્તિક, કેયૂર, મિત, પ્રિત, વેદાન્ત
- ભાભી : નિશિતા, તેજલ, ભાવના, સુરભિ
- બહેન : જહાન્વી, હરિતા
- કં.વૈ. જીજ્ઞેશભાઈ (મામા)


**PHYSIOTHERAPY BY Dr. PRIYA. BOOK YOUR APPOINTMENT BY CALLING A PHYSIOTHERAPIST WITH MORE THAN 5 YEARS OF EXPERIENCE, AHMEDABAD.**

**[Certified MFR and MET practitioner]**

**Contact Number : 9426745218**

- PARKINSON'S DISEASE
- STROKE
- MYELOPATHIES
- PAEDIATRIC DISEASE CEREBRAL PALSY, AUSTISM, HYDROCEPHALUS, SPINA BIFIDA, PARAPLEGIA

PHYSIOTHERAPY FOR

- PRENATAL
- ANTENATAL
- POSTNATAL
- ARTHRITIS
- RADICULOPATHIES
- OBESITY
- PLANTAR FASCHTIS
- TENDINITIS
- STRAIN AND SPRAIN
- MECHANICAL PAIN
- FRACTURES
- FROZEN SHOULDER
- JOINT REPLACEMENT
- POST SURGERY REHABIUTATION

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
# (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)

**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
મો. : ૮૫૧૧૫ ૯૪૧૮૧

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.



આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ માતાજીની કૃપાથી આપ સર્વે ક્ષેમ કુશળ હશો, તેવી હું આશા રાખું છું.

ચાલુ માર્ચ મહિનાથી જ્ઞાતિના ધોરણ ૧૦ - ૧૨ ની બોર્ડની પરીક્ષાઓ અને પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓની વાર્ષિક પરીક્ષાઓ હાલ ચાલી રહી છે. આ તબક્કે જ્ઞાતિના સૌ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ એ વર્ષ દરમિયાન કારકિર્દી ઉજ્જવલ બનાવવા માટે અભ્યાસ પાછળ કરેલ તન- તોડ મહેનત ના પરિણામ સ્વરૂપ, તેઓ પરીક્ષામાં સફળતા મેળવે, તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. તેઓના વાલીઓએ પણ તેઓના પરિવારના વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ પાછળ વર્ષ દરમિયાન તેઓએ કરેલ મહેનત અને યોગદાન બદલ તેઓને પણ હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

આગામી માર્ચ મહિનાની ૧૯ મી તારીખ એટલે ચૈત્ર સુદ - ૧ એટલે કે ચૈત્રી નવરાત્રી ના શુભ આરંભ નિમિતે મા નવદુર્ગા માતાજી નવભુજાઓ વડે, શક્તિ- બુદ્ધિ- એશ્વર્ય અને શાંતિ - સફળતા નિશ્ચિતતા અને સમૃદ્ધિ અર્પણ કરે, તેમજ સૌની મનવાંછિત કામના પૂર્ણ કરે તેવી, પરમકૃપાળુ નવદુર્ગા માતાજીને નતમસ્તક સહ પ્રાર્થના કરું છું. સર્વે ને સુખ મય અને આરોગ્યમય જીવન પ્રદાન કરે અને સમાજ ના ઉત્થાન અને વિકાસમાં યોગદાન આપે તેવી શક્તિ માતાજી આપે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.


દરેક આજીવન સભ્યશ્રીઓને અગાઉ અપીલ કર્યા મુજબ વાર્ષિક રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) સ્વૈચ્છિક ફાળો આપી સંસ્થાની આર્થિક પરિસ્થિતિ વધુ મજબૂત કરવામાં સહકાર આપે એવી હાર્દિક અપીલ કરું છું.

જ્ઞાતિના સર્વે વડીલ ભાઈઓ - બહેનો, યુવાન ભાઈઓ - બહેનોને ને મારા જય માતાજી - જય શ્રી કૃષ્ણ- જય શ્રી ગોપાલ- જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**







# સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા વુમન્સ-ડે ની શુભેચ્છા....

સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ, કંસારા સમાજની તમામ બહેનોને આજે, ૮મી માર્ચ, ૨૦૨૬, રવિવારના રોજ, આપણે જ્યારે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

આ દિવસ માત્ર કોઈ એક દિવસ નથી, પરંતુ મહિલાઓના સન્માન, તેમના અધિકારો અને તેમણે કરેલા યોગદાનને બિરદાવવાનો દિવસ છે. સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા આપણે મહિલા સશક્તિકરણના સંકલ્પને પુનરાવર્તિત કરી રહ્યા છીએ.

મહિલાઓ એ સમાજનો પાયો છે. તેમણે ઘરથી લઈને સમાજ અને દેશના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ આપ સૌ બહેનોને શુભેચ્છા પાઠવે છે.

૨૦૨૬ ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની થીમ 'ગિવ ટુ ગેઈન' એટલે કે 'મેળવવા માટે આપો' છે. જ્યારે આપણે આપીએ છીએ, ત્યારે આપણને ફાયદો થાય છે.

ચાલો સાથે મળીને, વિપુલ પ્રમાણમાં દાન દ્વારા બહેનો માટે સમાનતા બનાવવામાં મદદ કરીએ. ગીવ ટુ ગેઈન ઝુંબેશ ઉદારતા અને સહયોગની માનસિકતાને પ્રોત્સાહન આપે છે. ગીવ ટુ ગેઈન પારસ્પરિકતા અને સમર્થનની શક્તિ પર ભાર મૂકે છે. જ્યારે લોકો, સંસ્થાઓ અને સમુદાયો ઉદારતાથી આપે છે, ત્યારે મહિલાઓ માટે તકો અને સમર્થન વધે છે. દાન એ બાદબાકી નથી, તે ઈરાદાપૂર્વક ગુણાકાર છે. જ્યારે મહિલાઓ ખીલે છે, ત્યારે આપણે બધા ઉભરી આવીએ છીએ.

દાન, જ્ઞાન, સંસાધનો, માળખાગત સુવિધા, દૃશ્યતા, હિમાયત, શિક્ષણ, તાલીમ, માર્ગદર્શન અથવા સમય દ્વારા, મહિલાઓની પ્રગતિમાં યોગદાન આપવાથી વધુ સહાયક અને એકબીજા સાથે જોડાયેલ વિશ્વ બનાવવામાં મદદ મળે છે.

આપણું ટ્રસ્ટ હંમેશા બહેનોને પગભર બનાવવા માટે કાર્યરત રહ્યું છે. મહિલાઓના આર્થિક અને સામાજિક સશક્તિકરણમાં ક્ષેત્ર શિક્ષણ હોય, વેપાર હોય કે સેવાકીય પ્રવૃત્તિ, બહેનોએ હંમેશા અગ્રેસર રહીને સાબિત કર્યું છે કે જો તક મળે તો તેઓ આકાશ આંબી શકે છે.

આજે આ રવિવારના પવિત્ર દિવસે આપણે સંકલ્પ કરીએ કે આપણે એકબીજાની તાકાત બનીશું અને સમાજમાં સ્ત્રીઓનું ગૌરવ જળવાઈ રહે તેવા કાર્યો કરીશું. "નારી તું નારાયણી" — આ સૂત્રને સાર્થક કરતી આપ સૌ બહેનોને ફરી એકવાર વંદન અને મહિલા દિવસની મંગલ કામનાઓ !

### "હા હું એક સ્ત્રી છું"

**"સતત કામ કરું છું થાક્યા વિના**
**પરિવાર ને જોડી રાખું છું, કોઈ પણ અપેક્ષા વિના,**
**પોતાની સુંદરતા ને ભૂલી, ઘર ને સજાવું છું,**
**નાની નાની વાતોમાં ખુશ થઈ ને, પ્રેમ ને જતાઉ છું .**
**કેમ કોઈ નથી વિચારતું કે, હું પણ માણસ છું,**
**કામ કરતા કરતા, હું પણ થાકું છું,**
**પ્રેમ અને લાગણી ની, મને પણ જરૂરત છે,**
**સૌ ના સાથ અને હૂંફ ની, મને પણ ગરજ છે .**
**નથી જોઈતી ઉપમા, દેવી અને સર્જનહાર ની,**
**નથી જોઈતી ઉપમા, ત્યાગ અને મમતા ની મુરત ની,**
**કોઈ પણ ઉપમા વિના, હું જીવી જ લઈશ,**
**ઘર, પરિવારને સમાજ સાથે, દેશ ને પણ જોડી લઈશ .**
**બસ ઈચ્છા રાખું છું કે, કોઈ થોડો સમય આપે,**
**ત્યાગેલા સપના પુરા કરવા, કોઈ પ્રોત્સાહન આપે,**
**ઘણું બધું છૂટી ગયું, એને પામવું છે,**
**સૌ નું સાથ મળે તો, દૂર સુધી ચાલવું છે .**
**ફુરસત થી ઘડી છે ભગવાને, એ જાણું છું,**
**હિમ્મત અખૂટ અને ધીરજ ઘણી છે, એ પણ જાણું છું,**
**ફક્ત અને ફક્ત આપવું, કંઈ પણ લીધા વિના, એ સ્વભાવ છે**
**સ્ત્રી સાથે શક્તિ છું, એનો ગર્વ છે મને ."**
**"વુમન્સ ડે ની ગર્વ સાથે શુભેચ્છા"**

# સમસ્ત કંસારા સમાજનું ગૌરવ



ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર

આપણી જ્ઞાતિના અગ્રણી, વડીલ-મુરબ્બી, સમાજ ગૌરવ એવા આંખના સિનિયર ડો. શ્રી ઉપેન્દ્રભાઈ કલાઈગરનું ગુજરાત ઓપ્થેલમિક સોસાયટી દ્વારા ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ગુજરાત સમિટ કોન્ફરન્સ ખાતે લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરી એમના વ્યવસાયિક ક્ષેત્રના ઉત્કૃષ્ટ પ્રદાન તેમજ તેમના સામાજિક, સેવાકીય કાર્યો બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

સમાજનું માર્ગદર્શન કરનાર તેમજ સમાજ માટે પ્રેરણારૂપ દાખલો બેસાડનાર ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર ની ઉંમર હાલે ૭૫ વર્ષ થઈ છે, તેમ છતાં તેમનું અંગત જીવન, સામાજિક જીવન હજુ પણ એક જુવાન વયની વ્યક્તિને છાજે એવું કાર્યાન્વિત છે. આજે પણ તેઓ તેમના વ્યવસાયિક ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે તેમજ સામાજિક ક્ષેત્રે ઉત્તરોત્તર સેવાકીય-કાર્યો થકી પ્રગતિશીલ છે. તેમની વ્યવસાયિક કારકિર્દીની શરૂઆત વર્ષ ૧૯૭૯માં ક્લાસ-૧ ઓફિસર તરીકે નવસારી સિવિલ હોસ્પિટલમાં થઈ, ત્યાર પછી એક વર્ષ બાદ બી.જે. મેડિકલ કોલેજ-અમદાવાદ ખાતે ૨ વર્ષ સુધી સેવા આપી, ત્યાર પછી નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે ૧૯૮૨ થી ૧૯૮૫માં આંખના વિભાગમાં મોબાઈલ યુનિટમાં ઈન્ચાર્જ તરીકે નિમણુંક થઈ. તેમની સેવાના આ અમૂલ્ય સમયગાળા દરમિયાન તેમણે દક્ષિણ ગુજરાતના અનેકો આદિવાસી ગામડાઓની મુલાકાત કરી. જ્યાં તેમણે અતિ પછાત, ગરીબ, આદિવાસી પ્રજાની હાલત જોઈ, તેમનું હ્રદય દ્રવી ઊઠયું. એ પછીના વર્ષોમાં એમણે એમની વ્યવસાયિક ફરજોની સાથે સાથે નવસારી, તાપી, ડાંગ, સુરત, વલસાડ જિલ્લાના અનેક ગામડામાં આઈ કેમ્પ યોજી એમની અમૂલ્ય સેવાઓ આપી. એમણે પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કર્યા બાદ ૧૯૮૬ પછી આશરે ૪૦ થી ૪૫ વર્ષ પહેલાંના સમયગાળામાં જયારે હોસ્પિટલમાં આંખની સારવારની, આંખના ડોકટરોનો અને સુવિધાઓનો અભાવ હતો, એવા સમયમાં અત્યંત ગરીબ, દુબળા-આદિવાસી ક્ષેત્રોમાં નિસ્વાર્થ ભાવે સેવા આપી હતી. ધરમપુર, આહવા, વાંસદા, નાની વહીયાડ, બાબરખડક, અમલસાડી, સોનગઢ, ઉચ્છલ, નિઝર, વ્યારા વગેરે વિસ્તારોમાં તેમણે કેમ્પમાં સેવાઓ આપી હતી. અને આજે પણ તેઓ આ ક્ષેત્રમાં તેમની સેવા આપી રહ્યા છે.

સમસ્ત કંસારા સમાજનું વિરલ વ્યક્તિત્વ સમાન ડોકટર ઉપેન્દ્ર કલાઈગર હાલમાં પણ પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસની સાથે સાથે આંખના રોગોના નિદાન કેમ્પના આયોજનમાં એમની સેવા આપી રહ્યા છે. હાલમાં તેઓ તાપીબા આંખની હોસ્પિટલ, સીતાપુર (વાંસદા) અને તેજસ આંખની હોસ્પિટલ, અમલસાડી (માંડવી)માં આર્થિક સહયોગની સાથે સાથે જરૂરિયાત મુજબની વસ્તુઓ પૂરી પાડીને એમના સેવા કાર્યોને આગળ ધપાવી રહ્યા છે.

ડૉ. શ્રી ઉપેન્દ્રભાઈ કલાઈગર એક એવો જીવંત પ્રેરણા સ્ત્રોત છે, જે સમાજને સેવાકીય ક્ષેત્રે પ્રેરણા પૂરી પાડતો રહેશે. હાલમાં તેઓ ધરમપુરની સહ્યાદ્રી દિવ્યાંગ વિકાસ ટ્રસ્ટના દિવ્યાંગ બાળકોની અવારનવાર મુલાકાત કરી જરૂરિયાત મુજબની સેવાઓ આપી રહ્યા છે. આહવા તાલુકાની ચિકટીયા ગામે આવેલ અનાથ, જરૂરિયાતમંદ દીકરીઓ માટેની કાર્યરત સંસ્થા જાનકી કન્યા છાત્રાલયમાં નિસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. ઉપરાંત, આહવા-ડાંગ, વાંસદાની પ્રાથમિક માધ્યમિક શાળાના વિધાર્થીઓને સ્ટેશનરી વિતરણ, ગાઈડ, પેપર સેટ જેવી શૈક્ષણિક સેવા આપી રહ્યા છે, તેમજ જરૂરી વસ્ત્રદાન અન્નદાન પણ કરી રહ્યા છે. જે માટે તેમના સ્નેહી-મિત્રો, સગા-સંબંધીઓ તેમની સેવાને બિરદાવી, આ સેવા યજ્ઞમાં જોડાઈ સેવાકીય કાર્યોમાં સહયોગ કરી રહ્યા છે.

આજીવન સિદ્ધી સન્માન સ્વીકારતી વેળાએ તેમણે દર્શકોને સંબોધતા કહ્યું કે, ‘‘મારા માતા-પિતા, વડીલો, મામાઓ, દાદી-નાનીએ આપેલા સંસ્કારો હંમેશા સેવાકીય કાર્યો કરવાની પ્રેરણા આપતા રહ્યા છે. મારા માર્ગદર્શક સમા આંખના ગુરુજનો જેમણે એથિકલ પ્રેક્ટિસ કરવાના સિદ્ધાંતો મને આપ્યા હતા. જેને મેં જીવનમાં અનુભવ્યા અને આચરણમાં મૂક્યા હતા, જે થકી આજે આપની સમક્ષ આવવાની અમૂલ્ય તક મળી છે, ત્યારે મારા એ સર્વે વડીલો, ગુરુજનોને હું આ સન્માન અર્પણ કરું છું. હું સદૈવ એમનો

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

ૠણી રહીશ.

ડૉ. શ્રી ઉપેન્દ્રભાઈ કલાઈગર એ કોરોના કાળ દરમ્યાન કંસારા જ્ઞાતિના કારીગરોની સતત ચિંતા કરી અને તેમનાથી શક્ય એટલી આર્થિક મદદ કરી હતી, સાથે સાથે જ્ઞાતિના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ થાય એ હેતુથી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓમાં, સમાજની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ તેમનું નોંધપાત્ર આર્થિક યોગદાન અને માર્ગદર્શન હંમેશા પ્રેરણાદાયી બની રહ્યું છે.

વૃદ્ધ ઉંમર તરફ પ્રયાણ કરી રહ્યા હોવા છતાંય તેઓ એક યુવાનને શરમાવે તેવી શૈક્ષણિક, ધાર્મિક, વ્યવસાયિક, સામાજિક પ્રવૃત્તિઓમાં હંમેશા એક યુવાનની માફક એમનું યોગદાન આપી રહ્યા છે.

ડૉ.શ્રી ઉપેન્દ્રભાઈ બી. કલાઈગર આપણા સમસ્ત કંસારા સમાજના પાયાના કાર્યકર અને હિતચિંતક છે અને હાલમાં પણ સમાજ સેવા માટે તત્પર છે. સમસ્ત કંસારા જ્ઞાતિ તેમના સેવા કાર્યો માટે ગૌરવ અનુભવે છે. તેમની સિદ્ધિઓ બદ્દલ ખુબ ખુબ અભિનંદન પાઠવે છે, સાથે જ તેઓનું શેષ જીવન નિરામય તંદુરસ્તી સાથે આનંદમય અને સમૃદ્ધ રહે એવી શુભકામનાઓ પાઠવે છે.



## ભૂંગળ બનાવવાની કલાના અંતિમ પ્રહરી

# દિનેશ કંસારાની વિદાય

ગુજરાતના એક માત્ર ભૂંગળના કારીગર દિનેશ કંસારાએ ભૂંગળમાં શ્વાસ ભરતાં ભરતાં જીવનના અંતિમ શ્વાસ લઈને આ દુનિયામાંથી અલવિદા લઈ લીધી છે. ગુજરાતમાં ભવાઈની મંડળીઓ તો અનેક છે પરંતુ ભવાઈના મુખ્ય વાદ્ય તરીકે ઉપયોગમાં લેવાતું ભૂંગળ આખા ગુજરાતમાંથી દિનેશભાઈ કંસારા એક માત્ર કારીગર હતા.

**ભવાઈની મંડળીઓ અનેક પરંતુ તેને બનાવનારા દિનેશ કંસારા એક હતા.**

તેઓ વિસનગર રહેતા અને ત્યાંની કંસારા બજારમાં વર્ષો સુધી સમગ્ર દુનિયાના કલાકારો અને કલારસિકોને ભૂંગળ બનાવીને આપતા. તેઓ છેલ્લા ઘણાં સમયથી શ્વાસની તકલીફથી પીડાતા હતા. ભૂંગળમાં ગળુ ભરીને શ્વાસ ભરતાં દિનેસભાઈને શ્વાસની તકલીફ વધતાં તેમણે ૭૨ વર્ષની અવસ્થાએ કલાજગતને અલવિદા કહી દીધી હતી. દિનેશભાઈ કંસારા ભૂંગલના કારીગર સાથે સાથે એક સારા ભૂંગળના કલાકરા પણ હતા. વિસનગરમાં જ્યારે ભવાઈનો ખેલ થતો ત્યારે તેઓ પોતે ભૂંગળ વગાડતા. તેઓ ચાંદી અને પિત્તળના ભૂંગળ બનાવતા. ભવાઈના સંશોધકો, ભવાઈના કલાકારો અને ભવાઈ વિશે જાણવા માંગતા લોકો અચુક તેમની મુલાકાત લેતા અને વિસનગરમાં તેમની આ કલાને માણતા.

રાજ્ય સરકારના અનેક કાર્યક્રમોમાં તેમને ખાસ આમંત્રિત કરવામાં આવતા. ભૂંગળ બનાવવા સહેલા નથી. તેમાં નર અને માદા એમ બે પ્રકારના ભૂંગળનો ઉપયોગ કરવામાં આવે છે. તેઓ ભૂંગળની વચ્ચેના ભાગમાં ઘૂઘરી બનાવીને તેમાં છરાની ગોઠવણ એવી રીતે કરતાં જેથી નર અને માદા ભૂંગળ અલગ અલગ રીતે તરી આવે. જેની ખાતરી કરીને બનાવવાની આ કલામાં દિનેશભાઈ માહિર હતા. કંસારા શેરીમાં તાંબા, પિત્તળના વાસણો બનાવીને તેઓ વધુ ધન અર્જીત કરી શક્યા હોત પરંતુ ગુજરાતની આગવી કલા ભવાઈમાંથી ભૂંગળની બાદબાકી ના થાય એ માટે તેણે જીવન પર્યંત ભૂંગળ બનાવવાનં કામ ચાલું રાખ્યું હતું.

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૦/- | કંસારા મોનિલ રાજેશકુમાર (અમદાવાદ) |
| રૂા. ૫૦૦/- | મોદી દેવેશ ધનસુખલાલ (સુરત) |

## નવા આજીવન સભ્યોની યાદી

| | |
|---|---|
| ૧ | કંસારા મોનિલ રાજેશકુમાર (અમદાવાદ) |

## સમાજની આગામી કારોબારી મીટીંગ

**સર્વ કારોબારી સભ્યોને જણાવવાનું કે તારીખ ૫/ ૪/ ૨૬ ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગે સમસ્ત કંસારા સમાજની ઓફિસમાં કારોબારીની મીટીંગ રાખેલ છે.**

**દરેક કારોબારી સભ્યો, હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓને ખાસ વિનંતી કે સમાજના કાર્યને વેગ આપવા માટે આપની હાજરી આવશ્યક છે તો સર્વે સમય કાઢી અને કારોબારીની મીટીંગમાં અવશ્ય પધારશો..**

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ તથા મહિલા મંડળ દ્વારા આયોજિત હોળી રસિયા મિલન

- ઉર્મિલાબેન કંસારા (વડોદરા) - ૯૯૨૫૦ ૧૨૫૦૯




ઋતુ પરિવર્તન અને ધનધાન્યની કાપણીનો રંગોત્સવ છે. વિષ્ણુ ભક્ત પ્રહલાદ અને હોલિકાની પૌરાણિક કથા પણ સમાયેલી છે. અધર્મ પર ધર્મનો વિજય, આસુરી વૃત્તિોન સંહાર, દૈવી વૃત્તિનો વિજય થાય છે. આ વિજયના આનંદમાં બીજા દિવસે સૌ વિવિધ રંગોની હોળી ખેલે છે. બીજા દિવસને ધૂળેટીનો તહેવાર વિવિધ રંગોથી (અબીલ, ગુલાલ, ફૂલોથી) ઉજવવામાં આવે છે.

ઋતુરાજ વસંત એટલે ફૂલડોની ફોરમ અને રંગરાગભરી મસ્તી મહા સુદ-પાંચમ એટલે વસંત પંચમીથી વૈષ્ણવોની હવેલી/મંદિરોમાં હોળીદંડની સ્થાપનાથી હોળી ખેલના દર્શન શરૂ થાય છે.

વસંતોત્સવ ૪૦ દિવસ સુધી ઉજવાય છે. જેમાં ધૂળેટીના ગીતો રાધાકૃષણ-લીલાગાન સંબંધી વિવિધ ભાષામાં લોકગીતો, ફાગુન કાવ્યો રચાયો છે. તેનું હર્ષોલ્લાસ સાથે ગાન કરવામાં આવે છે.

વસંત ઋતુ સોળે કળાએ ખીલી હોય, કેસુડો મધમધતો હોય, અબીલ ગુલાલનો છંટકાવ થતો હોય ધૂળેટીની ધૂળમાંથી પણ

**તા. ૦૧-૦૩-૨૦૨૬, રવિવાર**

**સમય : સાંજના ૫-૦૦ થી રાતના ૧૦-૦૦ સુધી**

સુજ્ઞ જ્ઞાતિજનો - જયશ્રી કૃષ્ણ, જય ગોપાલ, જય સ્વામિનારાયણ

વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ દર વર્ષે વિવિધ કાર્યક્રમો યોજીને જ્ઞાતિજનોને જાગૃત રાખે છે. સાથે મહિલા મંડળ જાગૃતતા પૂર્ક સાથ અને સહકાર આપે છે.

ઈ.સ. ૨૦૬ ના નવા વર્ષની શરૂઆતથી જ મહિલા મંડળની બહેનોએ વિવિધ કાર્યક્રમના શ્રી ગણેશ શરૂ કર્યા છે.

૧૦ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ નવા વર્ષની ઉજવણી નિમિત્તે સાંજના જમણવારનું આયોજન સંગીત સંધ્યા સાથે કર્યું.

૭ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સયાજીબાગ, વડોદરા મુકામે શિયાળુ વાનગી હરિફાઈ યોજીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. જેમાં ૫૦ જેટલી બહેનોએ હાજરી આપી.

વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પંથ અપનાવનાર વૈષ્ણવો છે. તદ્. અનુસાર વૈવિધ્ય ભર્યા તેહવારોની ઉજવણી કરે છે. આ વર્ષે જ્ઞાતિજનોએ **''હોળીના રસિયા''**નો સામૂહિક કાર્યક્રમ યોજીને આનંદ લીધો.

વૈદિય કાળમાં હોળી યુવાનીમાં પ્રવેશતી નવવધૂઓ માટે દાંપત્ય જીવનનો મંગળ આરંભ કરવાનું પવિત્ર વ્રત ગણાતું હોળી - હોલિકા વસ્તુતઃ કૃષિ પ્રધાન તહેવાર છે.




શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ

સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ



ગુલાલનાં ફૂલ ખીલવવાનાં છે. આસુરી વૃત્તિને ગુલાબી વૃત્તિમાં ફેરવવાનો તહેવાર એટલે હોલિકોત્સવ, વસંતોત્સવ કે ઠાકોરજના રસિયા ગામનો આનંદનો ઓચ્છવ.

વડોદરાના જ્ઞાતિંડળ તથા મહિલા મંડળ આયોજીત હોલિના કસિયા તથા ફૂલફાગ મહોત્સવમાં જ્ઞાતિજનોએ વિવિધ પ્રકારે પોતાનું યોગદાન આપીને ઉત્સાહમાં ઉંજણ પુરું પાડવાનું કાર્ય કર્યું, જે અભિનંદનને પાત્ર છે. ઝાઝા હાથ રળિયામણા યુક્તિ સાર્થક કરી.

આપણી જ્ઞાતિના જ કિર્તનકાર આદરણીય પરમાનંદભાઈ સાથ આદરણીય પ.ભ. નાથાભાઈ તેમજ ઢોલક, ઝાંઝ, તબલા, ખંજરી દ્વારા સૂર પૂરાવનાર સર્વે વૈષ્ણવોની સેવા બદલ મંડળ તરફથી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

સમગ્ર મહોત્સવમાં રંગ-રાગ સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં શારીરિક, માનસિક, આર્થિક સહયોગ આપનાર જ્ઞાતિજનોને બીરદાવવામાં આવે છે.

આપણા જ યુવા કાર્યકર શ્રી જિજ્ઞેષભાઈ શાહ જે રામા સ્કાય એપાર્ટમેન્ટમાં રહે છે. જેમણે તેમના ક્લબ હાઉસમાં રસિયાના કાર્યક્રમની વ્યવસ્થા પોતાના અનુદાન વડે સમાજને કરી આપી ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું. જિજ્ઞેશભાઈની વિનંતીથી સોશ્યલ અમદાવદથી પોતાનો કિંમતી સમય ફાળવીને રસિયા મહોત્સવનું યુ-ટ્યુબ ઉપર જીવંત પ્રસારણ કરાવનાર ધારીના શ્રી રવિભાઈ ગોહિલ અને જતીનભાઈ લાલાણીને કેમ ભૂલાય ? જેમણે વડોદરા કંસારા જ્ઞાતિને ઘેર ઘેર પહોંચાડી, તે બદલ વડોદરા કંસારા જ્ઞાતિ અને કાર્યકરો તેમના ઋણી રહીશું. આવો સાથ અને સહકાર આપતા રહેશો તેવી શુભેચ્છા.

ડૉ. મમતાબેન શર્મા કે જેઓ વ્રજના રહેવાસી છે. તેમણે પોતાની આગવી શૈલીથી રસિયામાં વિશેષતા રોનક લાવી ને પોતાની વ્રજ ભાષા દ્વારા વ્રજ ખડું કરીને જે આનંદ કરાવ્યો તેના અમે ઋણી રહીશું. ફરીથી બોલાવીશું.

મહિલા મંડળની યુવા બહેનોએ તો ઠાકોરજી સહિત વિશેષ સુશોભન અને શણગારથી જાણે કે વ્રજ વસાવી દીધુ હતું. અત્તરદાની, અબીલ, ગુલાલ, કેસૂડો, ગુલાબ-પત્તી અને અન્ય ફૂલ-પાંદડીથી ઠાકોરજીને સજાવી દીધા. મહિલા મંડળના પ્રમુખ શ્રી તરલીકાબેન શાહ, જાગૃતીબેન, ઉર્મિલાબેન દ્વારા સૌ વૈષ્ણવોનું ઉપરણા ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું. મહિલા યુવા કાર્યકર્તા બહેનો જેમાં યામિનીબેન, પ્રિતીબેન, સીમાબેન, કામિનીબેન, નિધીબેન, રાધિકા, નેહાબેન તેમજ અન્ય બહેનોએ વિવિધ સેવા કરીને કાર્યક્રમને સફળ બનાવવામાં અનેરા ઉત્સાહ સાથે સફળતા અપાવેલ છે તે સરાહનીય તેમજ અભિનંદનને પાત્ર છે.

મીઠા તેમજ ઠંડા વળિયારીના જળ બનાવવામાં વર્ષાબેન, અલકાબેન, ઈલાબેન કાર્ય ભાર સંભાળ્યો. કાર્યકરોએ સૌને મીઠા જળ પહોંચાડી ઉત્સાહમાં વધારો કર્યો.

ઝાંઝના સથવારે, ધૂઘરાના તાલે, ખંજરીના ખંજન સાથે, કિર્તનીયાના મધુર અવાજે બહેનોએ રાસ-ગરબાની મોજ માણી, રસિયાનો લ્હાવો લીધો. ગુલાબના ફૂલ-પાંદડીની સુવાસથી રસિયાનો માહોલ જાણે કે મહેંકી ઉઠ્યો.

વૈવિધ્ય ભર્યા પ્રસાદનું વિતરણ જ્ઞાતિજનોએ પોતાના સ્વ હસ્તે કરીને પુણ્યદાયી બન્યા, તેમજ જ્ઞાતિજનોને પહોંચાડી ધન્યતા અનુભવી. જમણવાર પછી ઠાકોરજીને ધરાવેલી બીડાનું વિતરણ કોકીલાબેને કરીને સૌને તૃપ્ત કર્યા.

રસિયા કાર્યક્રમ માણ્યા પછી સુરુચી ભોજન કરાવવા બદલ લંડનથી આવેલ ગોરડિયા રમણીકભાઈના દીકરા માદરે વતનની યાદ તાજી કરવા બદલ શ્રી મુકેશભાઈ અને શ્રીમતી અલકાબેન દ્વારા વ્યવસ્થા કરવામાં આવી તેમાં જ્ઞાતિજનો તેમના ઋણી રહેશે અને અંતઃકરણ પૂર્વતે મનું સાલ ઓઢાડી તેમજ યાદગાર રસિયાની તસ્વીર આપી સન્માન કરી આભાર વ્યક્ત કરશે.

સમગ્ર કાર્યક્રમમાં વડોદરા જ્ઞાતિના કુટુંબીજનોએ ન્યોચ્છાવર ભેટની સરવાણી વહાવી દીધી.

**વિના સહકાર નહી ઉધ્ધાર.**

**ઝાઝા હાથ રળિયામણા યુક્તિને સાકાર કરી દીધી.**

સમગ્ર કાર્યક્રમને રાહ ચીંધનાર પ્રમુખ શ્રી મયુરભાઈ તથા વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડ, કારોબારી અને સલાહકારના સભ્યો, યુવા પાંખના હોદ્દેદારોના સાથ-સહકારથી કાર્યક્રમને વધુ સુંદર નાવી શક્યા છીએ.

રસિયાના કાર્યક્રમની શરૂઆતથી રાસ-ગરબા સુધી, અંત સુધી જ્ઞાતિજનોનો ઉત્સાહ વધારનાર જતીનભાઈ માવાણીએ તો ચાર ચાંદ લગાવીને જ્ઞાતિજનોનો ઉત્સાહ વધારીને પૂર્ણતા તરફ પહોંચાડી દીધા, તો તેમને કેમ ભૂલાય ? આવા યાદગાર પ્રસંગો કરાવતા રહેશો, નાચો, કૂદો, પ્રસંગને માણતા રહો.

છેલ્લે :

**આવો રસિયો રૂપાળો રંગ રેલિયો રે, ઘેર જાવું ગમતું નથી.''**

!! શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ !!

# વિસનગરમાં શ્રી મહાકાળી માતાજીના ૪૨ મા પાટોત્સવની ભવ્ય ઉજવણી

વિસનગરની કંસારા પોળમાં બિરાજમાન વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિના કુળદેવી શ્રી મહાકાળી માતાજીના ૪૨ મા પાટોત્સવની દ્વિ-દિવસીય ભવ્ય ઉજવણી અત્યંત હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી.

**પ્રથમ દિવસ : શનિવાર, ૦૭/૦૨/૨૦૨૬**

ઉત્સવના પ્રથમ દિવસે સવારે ૧૦:૦૦ કલાકે 'કાલિકા ભુવન' ખાતે જ્ઞાતિની બહેનો દ્વારા પરંપરાગત લાલ રંગની સાડીના પોશાકમાં કંસારા જ્ઞાતિની ઉત્પત્તિ અને કાલિકા દેવીના મહાત્મ્યને દર્શાવતા પૌરાણિક ગ્રંથ કાલિકા પુરાણનું સામૂહિક પારાયણ યોજાયું હતું. આ પ્રસંગે પારાયણમાં ઉપસ્થિત જ્ઞાતિ ભગિનીઓ માટે ભગીરથભાઈ નટવરલાલ કંસારા તરફથી ફરાળની સેવા આપવામાં આવી હતી. આ ઉપરાંત, વીણાબેન નાથાલાલ કંસારા અને અલકાબેન પ્રદ્યુમન કંસારા તરફથી ચા-કોફી તેમજ વિનોદભાઈ ગોપાલદાસ કંસારા તરફથી આઈસ્ક્રીમની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે ૦૫-૦૦ કલાકે અલખ કંસારા અને પારુલ કંસારાના સુમધુર કંઠે સૂર-તાલ સાથે મહાકાળી ચાલીસાના ૧૧ પાઠનું ભક્તિમય સામૂહિક અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તિભાવપૂર્વક ગરબાની રમઝટ જામી હતી, જેમાં જ્ઞાતિજનો મન મૂકીને ઝૂમી ઉઠ્યા હતા. રાત્રે જ્ઞાતિબંધુઓ માટે સામૂહિક ભોજન સમારંભ યોજાયો હતો, જેના દાતા સ્વ. સુશીલાબેન ચંદુલાલ કંસારા હસ્તે પલ્લવીબેન કંસારા હતા.

**દ્વિતીય દિવસ : રવિવાર, ૦૮/૦૨/૨૦૨૬**

પાટોત્સવના બીજા દિવસે સવારે માતાજીના મંદિરમાં વિધિવત અભિષેક અને ચંડીપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨-૦૦ કલાકે માતાજીના જયઘોષ સાથે મંદિરના શિખર પર વિજય પતાકા રૂપી ધજા લહેરાવવામાં આવી હતી. ત્યારબાદ કાલિકા ભુવન ખાતે ભોજન સમારંભ યોજાયો હતો, જેમાં સ્વ. શ્રી સોમીબેન તથા સ્વ. શ્રી શાંતિલાલ ભોળાનાથ કંસારા પરિવારના દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ સ્વરૂપે હસ્તે. શ્રી અશોકભાઈ શાંતિલાલ કંસારાએ ભોજન દાતા તરીકે સેવા આપી હતી. સાંજે નિજ મંદિરના પરિસરમાં કાલિકા મંડળ દ્વારા ભજનની રમઝટ બોલાવવામાં આવી હતી અને મધ્યરાત્રિએ ૧૨-૦૦ કલાકે માતાજીને પરંપરાગત રીતે નૈવેદ્ય ધરાવવામાં આવ્યો હતો.

આ પાટોત્સવના પાવન અવસરે જ્ઞાતિ મંડળની કારોબારી મીટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કંસારા જ્ઞાતિ મંડળ તથા કંસારા કેળવણી મંડળના અગત્યના એજન્ટા પર પરામર્શન કરી ઠરાવ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યા. પ્રવર્તમાન પ્રમુખ શ્રી ભરતભાઈ ચીમનલાલ કંસારાએ પોતાની દૂરંદેશી વિચારસરણી, સકારાત્મક અભિગમ અને ઉત્સાહી નેતૃત્વ દ્વારા વિસનગર ગુજરાતી કંસારા જ્ઞાતિને વિકાસની નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે. તેઓના વિનમ્ર ભાવે કરાયેલી સ્વૈચ્છિક રાજીનામાની રજૂઆતને ગ્રાહ્ય રાખીને, સમગ્ર જ્ઞાતિ મંડળ ભારે હૈયે તેમને પ્રમુખપદની જવાબદારીમાંથી મુક્ત કરે છે.જ્ઞાતિ તેમના આ ઉમદા સેવાભાવ અને અમૂલ્ય યોગદાન માટે હંમેશા તેમની ઋણી રહેશે.આ સાથે વર્ષોથી જ્ઞાતિના વિવિધ સેવાકીય કાર્યોમાં સદૈવ અગ્રેસર રહેતા શ્રી હરેશભાઈ શાંતિલાલ કંસારા (CA) ની સર્વાનુમતે જ્ઞાતિ મંડળના નવા કાર્યકારી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. સમગ્ર જ્ઞાતિ મંડળ દ્વારા નવનિયુક્ત પ્રમુખશ્રીને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ દ્વિ-દિવસીય મહોત્સવમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી કુળદેવીના દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૫૦૦/- | ગીરધરલાલ માધવજી ખાખી પરિવાર - સ્વ. તરલીકાબેન ભુપેન્દ્રભાઈના સ્મરણાર્થે (અમદાવાદ) |
| રૂા. ૨૫૦/- | કંસારા ભોગીલાલ ઓધવજી (જોરાવરનગર) ગૌ.વા. કંસારા ભોગીલાલ ઓધવજી ખોખરાના સ્મરણાર્થે |
| રૂા. ૧૦૩/- | કંસારા મોનિલ રાજેશકુમાર (અમદાવાદ) |

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ




## બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૬

- સંકલનઃ મિહિર પ્રવીણભાઈ કંસારા (અમદાવાદ)

જ્ઞાતિજનો વચ્ચે રમત-ગમત કલ્ચર દ્વારા સમન્વય, સ્વાસ્થ્ય અને આજના સમયમાં Trending એવા બોક્સ ક્રિકેટ કાર્નિવલનું ખૂબજ સરસ આયોજન કર્યુ જેમાં નાના બાળકોથી લઈને બધીજ ઉંમરના ભાઈઓ અને બહેનોએ ભાગ લઈ સાથે રમીને ટીમ વર્ક, લીડરશીપ, સ્પોર્ટસમેન સ્પિરિટ દ્વારા વધારે ઓળખતા થયા.

આ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઝાલાવાડના વતની અને અમદાવાદ, ગાંધીનગર, સાણંદ, મહેમદાવાદ સ્થાયી થયેલ પરિવારના ભાઈ બહેનોએ ભાગ લીધેલ.

અત્યાર સુધીમાં સૌપ્રથમ વખત યોજાયેલ આ ઈવેન્ટમાં ૮૦ થી વધારે ભાઈઓએ ગૂગલ ફોર્મ દ્વારા ઓનલાઇન નોંધણી કરાવેલ આ સાથે ૪૦ થી વધારે મહિલાઓ એ રમવા માટે એમના કો-ઓર્ડીનેટર શ્રીમતી પાયલબેન ધવલભાઈ દંગી અને શ્રીમતી રુચિબેન નિમેષભાઈ પાવાગઢી દ્વારા નોંધણી કરાવીને જીવનમાં દરેક ક્ષેત્રમાં તેઓ પાછળ નથી એવી નારી શક્તિની ભાગીદારી નોંધાવી હતી.

જેમાં જ્ઞાતિના યુથ જનરેશનને સમાજ ભાવના સાથે એમની કાર્ય કુશળતા, અનુભવોનો લાભ સંસ્થાના ઈવેન્ટમાં મળે એ હેતુથી બધા સાથે મળીને “સબકે સાથ સબકા વિકાસ” સૂત્રને ચરિતાર્થ કરવા પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રી કમલેશભાઈ મોહનલાલ શેઠ અને શ્રી નિકુંજભાઈ રમેશભાઈ ખાખી સાથે નિમેષભાઈ બળવંતભાઈ પાવાગઢી, ધવલભાઈ કિરણભાઈ દંગી, પાર્થ મહેન્દ્રભાઈ કંસારા, ઋત્વિક વિનોદભાઈ કંસારા, કૃણાલભાઈ કેતનભાઈ કંસારા, અને મિહિર પ્રવીણભાઈ કંસારાની આયોજન સમિતિએ આયોજનને એક હથ્થુંના રાખતા અલગ અલગ વિભાગો / સેવા / કામગીરીના કો-ઓર્ડીનેટર રાખીને કામોની સમાન વહેંચણીથી પારદર્શિતા, અસરકારકતા, સમાનતા, સુદ્રઢ આયોજન અને અમલથી જાહેરાત વિભાગ, ફાળો /અનુદાન ટીમ, નોંધણી ટીમ, અમ્પાયર, સ્કોરર, કોમેન્ટેટર ટીમ, સોશીયલ મીડિયા ટીમ, યુ-ટ્યૂબ લાઈવ સ્ટ્રીમિંગ ટીમ, ફોટોગ્રાફી ટીમ, સ્વયંસેવક ટીમ, કેટરિંગ ટીમ વિગેરેએ એમને સોંપેલા કામને સમર્પિત થઇ ઈવેન્ટ મેનેજમેન્ટની સાર પૂરતા હોવાની પ્રતીતિ કરાવી હતી.

વિશેષ, ટુર્નામેન્ટની શરૂઆત ખેલાડીઓ, દર્શકો, જ્ઞાતિજનોએ રાષ્ટ્રગાનથી કરી આ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાઈઓની ૮ ટીમો વચ્ચે લીગ મેચો, ૨ સેમિફાઈનલ અને

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી
સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.





ફાઈનલ મેચ રમાડી જેમાં મેટ્રો ક્રિકેટ ક્લબ ટીમ વિજેતા બનતા એમને ચેમ્પિયન ટ્રોફી સાથે ટીમના દરેક પ્લેયરને શિલ્ડ અને ચાઈવાલે ૧૧ ટીમ રનર્સ અપ બનતા એમને રનર્સ અપ ટ્રોફી સાથે દરેક પ્લેયરને મેડલથી નવાજવામાં આવ્યા. આ ઉપરાંત મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલરને ટ્રોફી એનાયત કરવામાં આવી. આ જ રીતે મહિલાઓની ૪ ટીમો વચ્ચે મેચો રમાડી ફાઈનલ મેચની વિજેતા ટીમ ''ક્રિકેટ ક્વીન''ને ટ્રોફી, સાથે વિજેતા ટીમના દરેક પ્લેયરને શિલ્ડ તથા રનર્સ અપ ટીમના દરેક પ્લેયરને મેડલથી નવાજવામાં આવ્યા.

પોતાની આગવી કળાથી મેચોને સંસ્થાની યુ-ટ્યૂબ ચેનલ પર LIVE સ્ટ્રીમિંગ દ્વારા દેખાડવાની અને આ કાર્નિવલને કાયમી યાદગીરી રૂપે કેમેરાથી ફોટોગ્રાફીની સેવા હિતાંશુ મિહિરભાઈ કંસારા, હર્ષભાઈ દંગી અને એમની ટીમે આપી હતી.

ક્રિકેટ મેચની સાથે સાથે સવારે નાસ્તો, બપોરે જમવાનું, સાંજે કોલ્ડ્રિંક્સ, ચા-કોફી ગરમા ગરમ ભજીયાનો આનંદ માણી જ્ઞાતિજનો એ રાત સુધી હાજરી નોંધાવી હતી, જે આયોજનની સફળતા દેખાડે છે.

આ ટુર્નામેન્ટમાં આપણા આમંત્રણને સહર્ષ સ્વીકારી અમ્પાયરની મહત્વની ભૂમિકા શ્રી ધીરેનભાઈ પ્રેમજી, શ્રી પરાગભાઈ પ્રવીણભાઈ બુચ - અમ્પાયર સાથે સાથે લાઈવ અને રસપ્રદ કોમેન્ટરી, શ્રી રાજ ધીરેનભાઈ પ્રેમજી- અમ્પાયર અને ઓનલાઇન સ્કોર ClicHeroes માં અને ઓફ લાઈન સ્કોરરની બેવડી ભૂમિકા સાથે આખી ટીમે ખુબજ Dedication સાથે નિભાવી તટસ્થા અને પારદર્શિતા લાવ્યા એમની સાથે શ્રી રુમીતભાઈ ખાખી - બહુમુખી પ્રતિભા, શ્રી નિકુંજભાઈ કાગડા, શ્રી અભિષેકભાઈ અમરીશભાઈ કંસારા, શ્રીમતી મનાલી તુષારભાઈ શેઠ, શ્રીમતી પ્રીતિબેન વિરલભાઈ ખાખી અને એમની ટીમે લાઈવ કોમેન્ટરી આપીને પ્રેક્ષકોને આનંદથી રસ તરબોર કરી દીધા હતા.

આ આખી ટુર્નામેન્ટને "CricHeroes" નામની મોબાઈલ એપ્લિકેશન દ્વારા setup કરી, પ્લેયરની સ્કિલ, અનુભવ અને ઉમરના આધારે દરેક ટીમને બેલેન્સ બનાવવા પ્રયત્ન કરેલ, ટીમોના ગ્રુપ બનાવી, એમની વચ્ચે મેચોના Schedule બનાવી હતી, લાઈવ સ્કોર update ની સઘળી જવાબદારી શ્રી રાજ ધીરેનભાઈ પ્રેમજી અને એમની ટીમે સફળતાપૂર્વક નિભાવી.

નાના બાળકો વચ્ચે મેચ રમાડી આજના સમયની આ રમત નો સારો અનુભવ અને આનંદ કરાવ્યો.

જ્ઞાતિજનો રાત સુધી હાજર રહી અંતમાં જ્ઞાતિના પ્રમુખ, મંત્રી, મહિલા મંડળના પ્રમુખ, વડીલો અને મહાનુભાવો દ્વારા ઈનામો, ટ્રોફી, મેડલ વિગેરે એનાયત કરી, દરેક જ્ઞાતિજનનો આભાર વ્યક્ત કરી, આ બોક્સ ક્રિકેટ કાર્નિવલ / ટુર્નામેન્ટ દર વર્ષે યોજવાના સુર સાથે ખૂબજ આનંદ ઉલ્લાસ સાથે કાર્યક્રમ પૂરો થયો.

### સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરો

સમાજ દ્વારા સંચાલીત મેરેજ બ્યુરોમાં ઉમેદવારોએ ફોર્મ ભરીને બે ફોટા સાથે રૂા. ૫૦૧/-નો ચેક ''સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)'' ના નામનો લખીને સમાજની ઓફીસ પર મોકલી આપવો. અથવા સમાજના ઉપરોક્ત નામના બેંક એકાઉન્ટ નંબર ૧૦૫૪૨૯૦૫૫૦૦ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એસ.પી.પી.બી.બી. બ્રાંચ, અમદાવાદ IFS Code : SBIN0060129 માં ભરીને અથવા SBI ની કોઈપણ શાખામાં ભરીને વોટસએપ નંબર ૯૩૭૪૬૪૫૬૬૯ (ખજાનચી શ્રી મનીષભાઈ બી. કંસારા) અને નંબર ૯૮૨૫૩૦૭૧૫૧ (મેરેજ બ્યુરો શ્રી હસમુખભાઈ ખાખી)ને અચુક જાણ કરવી.

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

NIF Mechanical Works Pvt. Ltd.

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com



અતુલભાઈ
૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ
૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ
૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

**કંસારા મણીલાલ દીયાળજી**
(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.



Making Things Happen
Reliable Solar

**સરકાર દ્વારા રજિસ્ટર્ડ**
**ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર**

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**
- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**
- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:
+91 9327168907/ 6355519196
કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા
રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ
Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020



Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

**Navneet Traders**
**નવનીત ટ્રેડર્સ**

**Gold Silver Merchant**

Intercome - *002
2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1




# સાયકલિંગ ક્ષેત્રે જયદીપ પાવાગઢી ની અનોખી સિદ્ધિ

- સંકલન : બળવંત જે. કંસારા

દૃઢ મનોબળ અને અડગ સંકલ્પ સાથે કોઈ વ્યક્તિ આગળ વધે ત્યારે નવી સિદ્ધિઓનો માર્ગ સર્જાય છે. આવું જ અનોખું કાર્ય સિદ્ધ કરનાર કંસારા જયદીપભાઈ જીતેન્દ્રભાઈ પાવાગઢી, અમદાવાદના પ્રતિભાશાળી સાયકલિસ્ટ છે, જેમણે પોતાના સતત પરિશ્રમ અને શિસ્તબદ્ધ જીવનશૈલી દ્વારા સાયકલિંગ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

તેમણે સાબિત કર્યું છે કે સફળતા કોઈ શોર્ટકટથી મળતી નથી, પરંતુ સતત મહેનત અને સમર્પણથી પ્રાપ્ત થાય છે. ભારતમાં સાયકલિંગ હજી મુખ્ય પ્રવાહની રમત તરીકે વિકસતી સ્થિતિમાં હોવા છતાં જયદીપભાઈ રોજના ૪૦ થી ૫૦ કિલોમીટર સાયકલિંગ કરીને પોતાની ક્ષમતાને વધુ મજબૂત બનાવી રહ્યા છે. આત્મવિશ્વાસ, શિસ્ત અને મજબૂત મનોબળ તેમની સફળતાના મુખ્ય આધારસ્તંભ છે. તેમણે અનેક મેરેથોન અને સ્પર્ધાઓમાં ભાગ લઈને વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

**મુખ્ય સિદ્ધિઓ**

વર્ષ ૨૦૨૪માં તેમણે મનાલીથી લેહ-લદ્દાખ સુધી ૪૭૫ કિલોમીટરનું દુર્ગમ અને જોખમી અંતર માત્ર ૯ દિવસમાં પૂર્ણ કર્યું. આ અભિયાન દરમિયાન તેમણે વિશ્વના સૌથી ઊંચા માર્ગોમાંના એક એવા ખાર્દુંગલા પાસ (૧૮,૦૦૦ ફૂટ) સુધી પહોંચીને પોતાનું સપનું સાકાર કર્યું, જે તેમના અડગ મનોબળ અને ધૈર્યનો પરિચય આપે છે.

વર્ષ ૨૦૨૫માં તેમણે નર્મદા પરિક્રમા તેમજ ઉબડખાબડ માર્ગો માટે જાણીતા ગિરનાર પર્વતની ૭૩ કિલોમીટર પરિક્રમા સફળતાપૂર્વક પૂર્ણ કરી.

**સુપર રેન્ડોનેર (SR) સિદ્ધિ**

જયદીપભાઈએ સાયકલિંગ ક્ષેત્રની પ્રતિષ્ઠિત "સુપર રેન્ડોનેર (જીઇ)" સિરીઝ એક જ કેલેન્ડર વર્ષમાં પૂર્ણ કરીને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. આ અંતર્ગત તેમણે નીચે મુજબની ચાર સર્ટિફાઇડ રાઈડ નિયત સમયમાં પૂર્ણ કરી.

★ ૨૦૦ કિ.મી. વડોદરા—નેત્રંગ—વડોદરા — ૧૨ કલાકમાં

★ ૩૦૦ કિ.મી. અમદાવાદ—હળવદ—અમદાવાદ — ૧૮ કલાકમાં

★ ૪૦૦ કિ.મી. અમદાવાદ—આબુરોડ—અમદાવાદ — ૨૪ કલાકમાં

★ ૬૦૦કિ.મી. જામનગર – દ્વારકા – રાજકોટ – પોરબંદર – જામનગર — ૪૦ કલાકની મર્યાદા સામે માત્ર ૩૯ કલાકમાં પૂર્ણ કરી વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી.

આ ચારેય રાઈડ સફળતાપૂર્વક પૂર્ણ કરીને તેમણે "સુપર રેન્ડોનેર"નું બિરુદ પ્રાપ્ત કરી પોતાના પરિવાર તથા કંસારા સમાજનું ગૌરવ વધાર્યું.

**અન્ય નોંધપાત્ર ઉપલબ્ધિઓ**

વર્ષ ૨૦૨૪માં ૭૦૦૦ કિલોમીટર અને વર્ષ ૨૦૨૫માં ૧૧૦૦૦ કિલોમીટર — એમ કુલ ૧૮૦૦૦ કિલોમીટર સાયકલિંગ પૂર્ણ કરીને તેમણે યુવાનો માટે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમના પાંચ વર્ષના પુત્ર આરવે પણ તાજેતરમાં રિવરફ્રન્ટ ખાતે યોજાયેલી બાળ સાયકલિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી અમદાવાદના મેયરના હસ્તે સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યું, જે પરિવાર માટે ગૌરવની વાત છે.

જયદીપભાઈની આ સિદ્ધિઓ બદલ અમદાવાદ ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ દ્વારા તેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં તેઓ જણાવે છે કે તેમના પ્રેરણાસ્ત્રોત તેમના કાકા બળવંતભાઈ જે. કંસારા છે. કે જેઓ ૭૬ વર્ષની ઉંમરે પણ ટેબલ ટેનીસ ટુનાર્મેન્ટો રમે છે.

**આગામી લક્ષ્ય**

તેમનું આગામી લક્ષ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે પેરિસ અને લંડનમાં યોજાતી સર્ટિફાઇડ સાયકલિંગ સ્પર્ધાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરીને વૈશ્વિક મંચ પર પોતાની પ્રતિભા દર્શાવવાનું છે. કંસારા સમાજ તેમને આ સ્વપ્ન સાકાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવે છે.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥
શુભેચ્છા સહ...
**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited
Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---




M.No. 320 Clock
Size :- 250x250 m.m.

M.No. 354
Size :- 400 x 400 m.m.




M.No. 371 - Gear Clock
Size :- 16 x 16 Inch.

M.No. 377 - Round Clock
Size :- 250 m.m. (8 Inch)

RAKESHBHAI - 94262 21810 | DIPAKBHAI - 98790 02106

**PRAKASH TIME INDUSTRIES**

www : bellquartz.com • Email - bell_quartz@yahoo.in
4-Lati Plot, Near Keshavlal P. & Sons, Morbi - 363641.

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187
**Mishal P.Meghani**
820-0524436




# Mayur Engineering

**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids
ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com

# વિશ્વાસની શક્તિથી તરે છે પથ્થર.....!

- કમલેશ કંસારા (અમદાવાદ)

લંકા વિજયને માટે રામ સેના સહિત સમુદ્રના કિનારે આવે છે. સમુદ્ર પર એક પુલનું નિર્માણ કાર્ય જાંબુવને નલ અને નીલને સોંપ્યું, કારણ કે તેમને શ્રાપ હતો કે એમના હાથ વડે પાણીમાં ફેંકાયેલ કોઈ પણ વસ્તુ ડૂબશે નહી. ત્યારબાદ વાનર સેના મોટા મોટા પથ્થરો લઈને નલ અને નીલને આપવા માંડ્યા. હનુમાનજી પણ મોટા મોટા વૃક્ષોને જડમૂળમાંથી ખેંચીને લાવ્યા. પથ્થરો પર 'રામ' નામ લખીને પાણીમાં ફેંકવા માંડ્યા ત્યારે પથ્થર પાણીમાં તરવા લાગ્યા. આ જોઈને રામને પણ આ કાર્યમાં મદદ થવાની ઈચ્છા જાગી. રામે પણ એક પથ્થર લઈને સમુદ્રમાં ફેંક્યો તો તે પથ્થર તરવાને બદલે ડૂબલા લાગ્યો. એમણે બીજો પથ્થર લઈને પાણીમાં તરતો મૂક્યો તો તે પણ ડૂબી ગયો. આ જોઈને રામના આશ્ચર્યની કોઈ જ સીમા ન રહી. અચાનક રામની દૃષ્ટિ હનુમાન પર પડી. એમણે ઈશારો કરીને પોતાની પાસે બોલાવીને કહ્યું, ''પવનપુત્ર ! તુ જે પથ્થર પર રામ લખીને તેને પાણીમાં નાંખે છે તો તે તરે છે જ્યારે મારો રામ લખેલ પથ્થર ડૂબી જાય છે. આવું કેમ બને છે ?''

ત્યારે હનુમાને કહ્યું, ''પ્રભુ ! એમાં શું થયું ? આ તો થવાનું જ હતું. બધા જાણે છે કે તમે તો તારણહાર છો. તમે જેનો હાથ પકડો છો તે આ ભવસાગર તરી જાય છે. જો તારણહાર જ છોડી દે તો એને ડૂબતો કોણ બચાવી શકે ? આ ગતિ તમારા દ્વારા છૂટેલા પથ્થરોની પણ થઈ રહી છે. જ્યાં સુધી પાણીમાં મારા દ્વારા નાંખવામાં આવેલ પથ્થરોની વાત છે તો એમાં પણ કોઈ નવી વાત નથી. મને મારા સ્વામી પર પૂરો વિશ્વાસ છે. જ્યારે હું કોઈપણ સંદેહ અથવા શંકા વગર તમારૂં નામ પથ્થર પર લખીને પાણીમાં નાંખુ છં તો તે પથ્થર તમારી કૃપાથી ડૂબશે કેવી રીતે ? ''એ પથ્થર તરશે !''

આજ છે વિશ્વાસની શક્તિ, જે પથ્થરને પણ તારે છે. જ્યારે પણ આપણે કોઈ પણ કાર્ય વિશ્વાસ અને લગનથી કરીએ છીએ ત્યારે એમાં સફળતા મળવી એ આશ્ચર્યની વાત નથી. એટલે જો આપણે આપણા જીવનનું લક્ષ્ય બહુ મોટું રાખ્યું હશે, તો જે બીજાની દૃષ્ટિએ અસંભવ હશે, જેની પ્રાપ્તિ કોઈ અનહોની ઘટનાથી ઓછી ન હોય, એને પણ વિશ્વાસની મદદથી પ્રાપ્ત કરી સકાય છે. અર્થાત્ તમારી પોતાની ક્ષમતાઓ અને યોગ્યતાઓ પર પૂરો ભરોસો છે તો પછી નિશ્ચિત થઈને લક્ષ્ય પ્રાપ્તિમાં પુરા લગનથી જોડાઈ જાવ. ત્યારે તમે સ્વયં જોશો કે અનહોની કેવી રીતે ઘટે છે. કહેવાય છે કે અસંભવને સંભવમાં બદલી નાંખે છે, જેની પર તમને પૂરો ભરોસો હોય છે. આમેય વિશ્વાસ એક એવી શક્તિ છે, જે વ્યક્તિની આંતરિક ઊર્જાને વધારીને એને વધુ ક્ષમતાવાન બનાવે છે. જ્યારે શંકા ઊર્જાની ગતિને અવરોધ કરી એને કમજોર કરી દે છે. જે શંકાથી મુક્ત અને વિશ્વાસ યુક્ત હોય, એ જ વ્યક્તિ પોતાના સ્વપ્ના સાકાર કરવામાં સફળ થાય છે.

બીજી તરફ જો તમે દરેક કાર્ય અને દરેક વ્યક્તિને શંકાની દૃષ્ટિથી જુઓ છો તો આ આદત ને જલ્દીથી બદલી નાંખો, કારણ કે આ આદત એક દિવસ તમારા માટે પરેશાનીનું કારણ બનીને તમારી નાવને ડૂબાડી શકે છે. જ્યારે તમે બીજા પર ભરોસો નહી કરો તો બીજા પાસે કેવી અપેક્ષા રાખસો કે તે તમારા પર ભરોસો કરે - આવા સમયે લોકો તમારી સાથે સંબંધ નહી રાખે, ભલે તે તમારી ઓફિસનો સ્ટાફ હોય કે પછી મિત્ર - સગા સંબંધીઓ, તમે ઓફિસમાં બોસ હોવ અને તમારો વિશ્વાસ કર્મચારીઓ પરથી ઉઠી જાય તો માની લેજો કે રામના હાથમાંથી પથ્થર છૂટીને પાણીમાં ડૂબ્યો એવી સ્થિતિ તમારી થશે. એટલે વિશ્વાસ પાત્ર બનો અને કામ અને પોતાના રામ પર ભરોસો રાખો. પરિણામ રામ ભરોસે છોડીને કાર્યમાં મગ્ન થઈ જાવ. સફળતા અવશ્ય મળશે.

**સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ**

આથી જણાવવાનું કે સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટને આવકવેરા ધારાની કલમ-૮૦(જી)(૫) નીચે માન્યતા મળેલ છે. જેથી આ સંસ્થાને આપેલ અનુદાન આવકવેરા ધારાની કલમ -૮૦(જી)(૫) મુજબ રાહતને પાત્ર છે.

લી. ટ્રસ્ટી મંડળ

નોંધ : સંસ્થાને અનુદાન મોકલ્યા બાદ, સંસ્થાના પ્રમુખ શ્રી ઉર્મિલાબેન વસંતભાઈ કંસારા, વડોદરા (મો. : ૯૯૨૫૦૧૨૫૦૯) પર જાણ કરવા વિનંતી

**બેંકની વિગત**

| | | |
|---|---|---|
| **બેંક નામ** | : | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા<br>અમદાવાદ મેઈન બ્રાંચ |
| **સેવીંગ્સ ખાતા નંબર** | : | **31890098624** |
| **IFS Code** | : | **SBIN0000301** |

When **you have insurance**
you know that you are secured
against any unforeseen events in life,
and this gives you **complete peace of mind.**

GENERAL INSURANCE | LIFE INSURANCE | CAR FINANCE | MUTUAL FUND

HV ENTERPRISE | NK INSURANCE | NIVESH FINCORP

**Address**
901, Dynasty, Nr. Stadium Cross Road,
C G Road, Ahmedabad 380009.

Nisarg Kansara 97260 16633 Arpana Kansara 9374471100
nkinsurance901@gmail.com I nisargk@gmail.com

**રાજેશભાઈ કંસારાના જયશ્રી કૃષ્ણ**

## (એ) ડેટાબેઈઝ સુધારણા અભિયાન

(બી) "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" બાબત

તે ઉપરાંત કંસારા ટાઈમ્સને વધુ સુદૃઢ બનાવવા માટે "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" ખાતે આપનું યોગદાન ઓછામાં ઓછું રૂા. ૧૦૦૦/- (રૂા. એક હજાર પૂરા) સંસ્થાને આપીને સહભાગી થવા નમ્ર વિનંતી છે.

SAMAST KANSARA SAMAJ GUJARAT
BANK : STATE BANK OF INDIA
BRANCH : SPPBB
ACCOUNT NO. : 10542905500
ACCOUNT TYPE : SAVINGS
IFSC CODE : SBIN0060129

PLEASE MENTION TRANSACTION ID. FOR YOUR TRANSACTION.

કુટુંબમાં એક કરતાં વધારે સભ્ય હોય તો તે તમામનાં નામ તથા સભ્યક્રમાંક લખવા વિનંતી.

# "ટાઈમ્સ ઓફ કંસારા સમાજ" ના ખર્ચને પહોંચી વળવા માટે કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ બાબતે અપીલ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની ૨૫ વર્ષ અગાઉ થયેલ સ્થાપના સાથે આજીવન સભ્ય ફી જે રૂા.૨૫૧/- રાખેલ. જે તે સમયે તેના વ્યાજમાંથી તેમજ દાતાઓ દ્વારા મળેલ સહાય થકી સમાજના આજીવન સભ્યોને આજસુધી કંસારા ટાઈમ્સ પહોંચાડવામાં આવે છે.

હાલનાં સંજોગોને અનુરૂપ કાગળો, પ્રિન્ટીંગ, પોસ્ટેજ ખર્ચ, ડિઝાઈનીંગ વિગેરે ખર્ચને પહોંચી વળવું મુશ્કેલરૂપ છે. આ સંદર્ભમાં ગત કારોબારી મીટીંગ તા. ૧૬/૦૩/૨૦૨૫ નાં રોજ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ કે "કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ" માં દરેક આજીવન સભ્ય ઓછામાં ઓછા રૂા.૧૦૦૦/- (રૂા. એક હજાર પૂરા) અને વધુમાં તેમની ઈચ્છાનુસાર સહાયરૂપ થવાં હાર્દિક અપીલ કરવામાં આવે છે. તો સમાજનાં દરેક બાકી રહેલ સભ્યોએ કંસારા ટાઈમ્સ આજીવન મેળવવા માટે ઉપરોક્ત રકમ આપેલ ડેટાબેઈઝ સુધારણા ફોર્મ સાથે તા. ૩૦-૦૬-૨૦૨૬ સુધીમાં સમાજની ઓફિસ પર ટપાલ / કુરીયર / ઈમેઈલ દ્વારા મોકલી શકાશે અને રકમ સમાજનાં બેંક ખાતામાં ઓનલાઈન અથવા ચેક/રોકડાં સમાજની ઓફિસ પર મોકલી આપવા વિનંતી.

નોંધ - ઓનલાઈન પેમેન્ટમાં આપનો ટ્રાન્સેકશન આઈડી સમાજના ખજાનચીને જણાવવો અનિવાર્ય છે.

(ખજાનચીશ્રી મનિષ બી. કંસારા - મો – ૯૩૭૪૬ ૪૫૬૬૯)

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

બી-૫૦૨, પાંચમો માળ, તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ હોલની પાછળ, વી.એસ. હોસ્પિટલની સામે,
એલીસબ્રીજ, અમદાવાદ ગુજરાત-૩૮૦૦૦૬ ● ફોન : (૦૭૯: ૨૬૫૭૪૦૭૦ ● મો. ૮૫૧૧૫ ૯૪૧૮૧

## આજીવન સભાસદો જોગ નમ્ર નિવેદન

**વિષય : કાર્યાલય માટે આજીવન સભાસદોની વર્તમાન માહિતી આપવા બાબત**

સુજ્ઞ આજીવન સભાસદ ભાઈઓ તથા બહેનો,

આપ સૌ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના આજીવન સભાસદ છો. આપે નોંધાવેલ સરનામે આપના સભાસદ નંબર સાથે કાર્યાલય દ્વારા "ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ" રવાના કરવામાં આવે છે. તેમાં વધુ ચોકસાઈ તેમજ કંસારા ટાઈમ્સને વધુ આર્થિક સધ્ધર કરીને સમાજની દરેક માહિતી સર્વે જ્ઞાતિજનો સુધી પહોંચાડવા માટે આપને નમ્ર નિવેદન છે કે, આપશ્રી નીચે જણાવેલ વિગતો ભરીને આપનું કંસારા ટાઈમ્સ વિકાસ ફંડમાં સ્વેચ્છાએ (લઘુતમ રૂા. ૧૦૦૦/- અથવા વધુ આપની ઈચ્છાનુસાર અનુદાન આપી આ માહિતી ફોર્મ સમસ્ત કંસાર સમાજ (ગુજરાત)ના કાર્યાલય ખાતે ટપાલ/કુરિયર દ્વારા કે સ્થાનિક કારોબારી પ્રતિનિધી દ્વારા મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આભાર સહ,

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી
(પ્રમુખ)

નોંધ
- આજીવન સભાસદ સભાસદની હયાતી સુધીજ માન્ય ગણાશે.
- તા. ૩૧-૧૨-૨૦૨૦ પછી સભાસદ તરીકે પેઢીને માન્ય ગણાવામાં આવશે નહી તેથી જે કોઈ પેઢીએ સભાસદ તરીકે રજીસ્ટ્રેસન કરાવેલ હોય તેઓએ પોતાના અંગત નામે સભાસદ તરીકે સત્વરે રજીસ્ટ્રેશન કરાવી લેવું.

## આજીવન સભાસદની વર્તમાન માહિતી

| | | |
|---|---|---|
| આજીવન સભાસદ નં. | : | |
| નામ | : | |
| સરનામું (પીનકોડ સાથે) | : | |
| મોબાઈલ નં. | : | |
| ઈ-મેઈલ | : | |
| ગોળ / ઘટક | : | |
| કંસારા ટાઈમ્સ વિકાસ ફંડમાં આપેલ અનુદાન (લઘુત્તમ રૂા. ૧૦૦૦/- અને વધુમાં ઈચ્છાનુસાર રૂા. /- | | |

સભાસદની સહી

કાર્યકર્તાની સહી

## ફક્ત કાર્યાલટ માટે

રસીદ નં.________ સભાસદનું નામ ________________ આજીવન સભાસદ નં. ________

તરફથી સંસ્થા ખાતે રૂા. ________ તા. ________ ના રોજ રોકડા/ચેકથી/યુ.પી.આઈ. થી પ્રાપ્ત થયેલ છે.

નોંધ : ચેક **"સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)"** ના નીમનો લખીને મોકલશે.

જવાબદાર વ્યક્તિની સહી

## લગ્ન વિષયક



| | |
|---|---|
| **નામ** | **: દંગી ધ્રુવ અશોકભાઈ** |
| જન્મ તારીખ | : ૨૪-૪-૨૦૦૦ |
| જન્મ સમય | : રાત્રે ૧-૨૫ AM |
| જન્મ સ્થળ | : જોરાવરનગર |
| વજન | : ૫૨ કીલો |
| ઉંચાઈ | : ૫''.૫ |
| મોબાઈલ | : ૭૦૯૬૨ ૦૩૯૭૮ |
| એજ્યુકેશન | : માસ્ટર ઓફ ફાર્મસી (એમ. ફાર્મ) |
| જોબ | : એમકયોર ફાર્માસ્યુટીકલ્સ (ગાંધીનગર) |
| પગાર | : પંદર લાખ (વાર્ષિક આવક) |

**<u>ફેમીલી વિગત</u>**

| | |
|---|---|
| પિતાનું નામ | : કંસારા અશોકભાઈ ગોપાલભાઈ |
| પિતાનો વ્યવ. | : ગીરીરાજ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સ |
| સરનામું | : એસ.ટી. સ્ટેન્ડ પાસે, સાણંદ. |
| મોબાઈલ | : ૯૪૦૮૭ ૬૪૪૩૨ |
| બહેન | : ડૉ. પલકબેન દંગી (મેરીડ) અમીચંદભાઈ ગોપાલદાસ ખોખરા (જોરાવરનગર) |

## MATRIMONIAL




| | |
|---|---|
| Name | : MANAS SATYEN TAMBAT |
| Date of Birth | : 02nd March 1999 |
| Birth Place | : Nashik Maharashtra |
| Height | : 167 Cm. |
| Weight | : 72 kg. |
| Educational Qu. | : B.E. (Information Technology) |
| Current Status | : Working with Veritas-Cohesity Technologies LLC, Pune, (H.O.: California) as Senior Software Engineer |
| Email id | : tambatmanas135@gmail.com |
| Cast | : Gujarati Kansara |

**<u>FAMILY DETAILS</u>**

| | |
|---|---|
| Father Name | : Satyen Chandravadan Bhai Tambat |
| Occupation | : Service at Mahindra & Mahindra Pune as Deputy General Manager. |
| Email ID | : satyentambat@gmail.com |
| Mobile | : 9922900892 |
| Mother Name | : Chanda Satyen Tambat |
| Occupation | : Sports Teacher |
| Email ID | : tambatchanda@gmail.com |
| Mobile | : 9922112892 |
| Sibling-Sister | : Dr. Madhura Satyen Tambat Education: Batchelor of Physiotherapy |

**Current Permanent address :**
Pimple-Saudagar, Pune - 411027.
**Permanent address :**
Upper Mahatma Nagar Nashik - 422007.

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Keyur Bhupendra Kansara |
| Caste | : Hindu Gujarati Kansara |
| Date of Birth | : 28-08-1986 |
| Birth Time | : 11-55 PM |
| Birth Place | : Nadiad |
| Height | : 5.3" |
| Weight | : 64 Kgs |
| Address | : A/101, Shyam Radhika Residecy, Savita Hospital Road, Nr. Parivar Cross Road, Waghodia Road, Vadodara-390019 |
| Contact | : Parents : 95121 25810, 97237 61304, 84012 53772 |
| Education | : CA Inter pursuing |
| Present Working | : Finance Department, L&T Ltd.,Vadodara |
| Current CTC | : Rs. 7,50,000/- P.A. |

**<u>FAMILY DETAILS</u>**

| | |
|---|---|
| Father Name | : Bhupednra Mohanlal Kansara |
| Father Occu. | : Retired |
| Elder Brother | : Krushal Bhupednra Kansara |
| Brother Occu. | : Excelsource - Vadodara |
| Elder Sister | : Falguni Haridkkuamr Kansara |
| Sister Occu. | : Housewife (Ahmedabad) |
| Reference | : Shri Chandrakant K. Kansara (C.K. Kansara), Mobile : 98252 38861 |



## શુ તમે નિરોગી છો ? નોકરી કરો, ધંધો કરો, કે કોઈ વ્યવસાય હોય

પોતાના જીવન મા સફળતા માટે તન અને મનથી નિરોગી હોવુ ખૂબજ જરૂરી છે. આપણા કુટુંબની સારી આવક સારું આરોગ્ય રહે, એ દરેક જીવનમાં સફળતા માટે ખૂબજ મહત્વનું છે. ફોન રોજ સાંજે ૭-૩૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી.

સાત જ દિવસમાં પ્રેકટીકલ અનુભવ જોવા મળશે. બે દિવસ પહેલા ફોન કરીને આવવું. ફક્ત શનિ-રવિ સાંજે ૩-૪૫ થી ૪-૪૫ માં આવવાનું

**નોંધઃ** (૧) આપણુ આરોગ્ય સારૂ હોય પરંતુ ખીસ્સા ખાલી હોય તો ?

(૨) આપણી પાસે લાખો રૂપિયા હોય પરંતુ દવાઓ ખાઈને જીવતા હોય તો ?

**ધર્મેન્દ્રભાઈ જે. કંસારા : ૯૬૮૭૪ ૦૪૫૪૯**
**જાગૃતિબેન ડી. કંસારા (અમદાવાદ)**
**કુજન ડી. કંસારા, શૈલી ડી. કંસારા**




| | |
|---|---|
| Date of Birth | : 03/05/2001 |
| Birth of Place | : Limbdi (Dist. Surendranagar) |
| Time of Birth | : Evening 6-50 |
| Rasi | : Leo |
| Height | : 5 Ft 7 Inch |
| Weight | : 76 kg |
| Religion | : Vaishnav |
| Caste | : Kansara |
| Education | : B.Tech in Information Technology<br>From Pune<br>Master in Inforamtion Technology<br>NSW Australia |
| College Name | : The University of New Castle, NSW Australia |
| Job/Occupation | : Data Analyst |
| Interest | : Movies, Traveling |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father's Name | : Brijesh Natwarlal Khakhi |
| Mother's Name | : Purvi Brijesh Khakhi |
| Grand Father's | : Natwarlal Chimanlal Khakhi |
| Grand Mother's | : Bhartiben Natwarlal Khakhi |
| Father Occupation | : B.E. Civil (Business) |
| Mother Occupation | : B.Com |
| Sibling | : Harshil Khakhi |
| Mosal | : Jaysukhbhai Kasturchand Delawala |
| Cantact No. | : Father : 94272 14247 • Mother : 94282 56515<br>Manav : (+61) 435047469 • Harshil : )+61) 489069233 |
| Current Address | : 8, Warkworth Street, Marryland NSW 2287, Australia |

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

**Kansara Modler Limited**
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

**World Class Rollers For The Whole World**

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષો દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બૅંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **3.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦